હલચલ

Kolkata 13 December, 2019

હાઉઝી રમાડી સંગીત અને નૃત્યના કાર્યક્રમ

**◆ શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર ગ્રુપ, કોલકાતા**

સંસ્થા દ્વારા સેવાનું એક ઉમદા કાર્ય વર્ષ ૨૦૧૮થી શરૂ થયું છે. ઈનોવેટીવ-૧૦ કાર્યક્રમ અંતર્ગત શહેરની ગર્વમેન્ટ હોસ્પિટલમાં રોજ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવે છે. જે મુજબ સોમવારે મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, મંગળવારે શંભુનાથ પંડિત હોસ્પિટલ, બુધવારે ચિત્તરંજન શિશુ હોસ્પિટલ, ગુરૂવારે ચિતરંજન કેન્સર હોસ્પિટલ, શુક્રવારે મારવાડી રીલીફ સોસાયટી તથા શનિવારે ડૉ. બી.સી. રોય હોસ્પિટલ મધ્યે સવારે ૮થી ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવે છે.

આ ઉપરાંત રામકૃષ્ણ મિશન હોસ્પિટલમાં ફક્ત બહેનો દર સોમવારે સવારે ૧૨થી ૧ સુધી સેવા આપે છે. કાર્યક્રમમાં જોડાવા માટે સંપર્ક: વિનોદભાઈ દેસાઈ-૯૮૩૦૦-૯૩૬૫૩.○

